સેક્ટર-૧૭ જ-ટાઈપના રહિશોના પાણી માટે વલખાં

પાટનગર પેટા વિભાગ-૧૦માં પાંચ મહિના પહેલા લેખિત રજૂઆત છતાં પરિણામ શૂન્ય : પાણી નહિ મળે તો આંદોલન કરશે

ગાંધીનગર, તા. ૧૮

શહેરમાં પાણીની સમસ્યા વિકરાળ બનતી જાય છે. છેવાડાના સેક્ટરોમાં તો પાણી નથી પહોચતું પરંતુ શહેરની મધ્યમાં આવેલ સેક્ટર-૧૭માં પણ પાણી વિના રહિશો વલખા મારી રહ્યા છે. તંત્રને અનેકવાર રજુઆત કરવા છતાં સમસ્યાનો હલ લાવી શકતા નથી.

રાજધાની વસાહત સેવા મંડળના પ્રમુખ રજુજી ગોલે જણાવ્યુ છે કે, સેક્ટર-૧૭માં આવેલ જ-ટાઈપ મકાનોમાં રહેતા રહિશો પાણી વિના ટળવળે છે. છેલ્લા પાંચ-પાંચ મહિનાથી પાણી આવતુ નથી. બ્લોક નં. ૧૦૩ થી ૧૦૫ ના વસાહતીઓની પરિસ્થિતિ વિકટ બની ગઈ છે.

જ-ટાઈપમાં ઉપર તો ઠીક પરંતુ ભોંયતળીયાના મકાનોમાં પણ પાણી માટે કાગડોળે રાહ જોવી પડે છે. ઈન્કવાયરી ઓફિસમાં અનેક વખત રજુઆત કરી. કર્મચારીઓ જાત નિરીક્ષણ કરી ખાડા કરી જતા રહે છે. પરંતુ તેઓ આ સમસ્યાનું નિરાકરણ લાવી શક્યા નથી. જાણે કે ડેલે હાથ દેવા આવતા હોય તેમ આવીને ચાલ્યા જાય છે.

વધુમાં જણાવે છે કે તમામ વસ્તુ સિવાય ચાલે પણ પાણી વિના ન ચાલે. આ સમસ્યાને લઈને પાટનગર યોજના પેટા-વિભાગ-૧૦માં પાંચ મહિના પહેલા લેખિત અરજી આપવામાં આવી હોવા છતાંય અધિકારીઓના પેટનું પાણી હલતું નથી. ન છુટકે પાણી માટે ઈલેક્ટ્રીક મોટર ચલાવવી પડે છે. તેમ છતાં એક દિવસ ચાલે તેટલુ પાણી માંડ માંડ ઉપલબ્ધ થાય છે. આ સમસ્યાનું નિરાકરણ લાવવા તંત્રને જણાવવામાં આવ્યું છે. અને જો હલ શોધવામાં નહિ આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે સેક્ટર-૧૭ ના વસાહતિઓ આંદોલન કરશે.

બોગસ જમીનનું બાનાખત કરી રૂ. ૬.૯૦ લાખની છેતરપીંડી

ત્રણ શખ્સોએ મળીને વાવોલના ખેડુતને વિશ્વાસમાં લઈ ચીટીંગ કરી : પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામમાં રહેતા ખેડૂત સાથે કાશીપુરા ગામની સીમમાં આવેલી જમીનનું નોટરી રૂબરૂ ખોટા સર્વે નંબર વાળી જમીનનું બાનાખત કરી ખેડુતે વિશ્વાસમાં લેનાર ત્રણ શખ્સોએ રૂ. ૬.૯૦ લાખની છેતરપીંડી આચરી હોવાનો ગુનો પોલીસ ચોપડો નોંધાવા પામ્યો છે સે-૭ પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ વાવોલ ગામમાં સ્થિત દ્વારકેશ સોસાયટીમાં રહેતા અમથાભાઈ રામજીભાઈ રબારીને કાશીપુરા ગામની સીમમાં આવેલી સર્વે નં. ૧૦૯૦ વાળી જમીનનું નોટરી રૂબરૂ બાનાખત ત્રણ શખ્સોએ કર્યું હતું. ૨૯ ફેબ્રુઆરી ૨૦૧૨ થી ૩૧ માર્ચ ૨૦૧૨ દરમિયાનમાં નોટરી રૂબરૂ કરેલા આ બાનાખત પેટે રૂ. ૬.૯૦ લાખ લીધા હતાં. ત્યાર બાદ જાણવા મળ્યું કે જે જમીનનું બાનાખત થયું તે ખોટા સર્વે નંબર વાળી જમીન હતી.ખેડુતને વિશ્વાસમાં લઈને પ્રાંતિજ તાલુકાના વાઘપુર વિસ્તારમાં રહેતા ધરમશી શાહરભાઈ દેસાઈ, મોડાસાના વિષ્ણુ શાંકા દેસાઈ અને ધનસુરાના શામલ અરજણ રબારીએ રૂ. ૬.૯૦ લાખની છેતરપીંડી કરી લીધી હોવાની પોલીસ ફરિયાદને આધારે સે-૭ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

સે-૩માં ઘર આંગણેથી મધરાત્રે બોલેરાની ચોરી

બોલેરા ચાલુ થયાનો અવાજ આવતા વાહનમાલિક ઉંઘમાંથી ઉઠીને બહાર આવ્યા ત્યાં બોલેરો ગાયબ હતી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૩ પ્લોટ નં. ૪૫૬/૨ ખાતે રહેતા કિરણભાઈ રઘુભાઈ મિસ્ત્રીએ ગઈ રાત્રે તેમની બોલેરો જીપ નં. જીજે ૧૮ વી.યુ. ૧૫૫૫ ઘર આંગણે પાર્ક કરી હતી રાત્રે તેઓ ભર ઊંઘમાં હતા ત્યારે સાડા ત્રણ વાગ્યાના અરસામાં તેમની બોલેરો ચાલુ થવાનો અવાજ સંભળાયો..! ઊંઘમાંથી ઉઠીને તેઓ બહાર નિકળ્યા ત્યાં સુધીમાં ઘર આંગણે પાર્ક કરેલી બોલેરો (કિં. રૂ. ૫ લાખ)ની ચોરી કરી બોલેરો ચોરી રફ્ફુચક્કર થઈ ગયા હતાં. બોલેરો માલિકની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ગુનો દાખલ કરીને ગુનાની તપાસ આરંભી દીધી છે.

આસિઆ ગાંધીનગરે ઈજનેરીના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કર્યું

ગાંધીનગર, તા. ૧૮

એસોસિએશન ઓફ સિનિયર એન્જીનિયર્સ એન્ડ આર્કીટેક ગાંધીનગર દ્વારા ઈજનેરી ફેકલ્ટીના વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. એન્જીનિયરીંગ ક્ષેત્રની દરેક ફેકલ્ટીમાં અભ્યાસ કરતા અને ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમારોહમાં હસમુખભાઈ શાહ, રવિન્દ્રભાઈ દવે, મહેન્દ્રભાઈ પુરોહિત સહિતના સ્યો ઉપસ્થિત રહ્યા હતા.

કાલે મોટા સાહેબ આવે છે કહી ગરીબ પરિવારોના ધંધા-રોજગાર બંધ રખાવ્યા

ચિલોડા સર્કલે તંત્ર દ્વારા લારી-ગલ્લા-પાથરણાંવાળાઓને એક દિવસ માટે ધંધા-રોજગાર બંધ કરાવાયાં

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના પ્રવેશ દ્વાર સમા ચિલોડા સર્કલ પાસે ખુબ મોટુ બજાર વિકસવા પામ્યું છે. આ મથકે અનેક શ્રમજીવીઓ લારી-ગલ્લા અને પાથરણામાં પોતાનું પેટીયુ રળે છે. રાત-દિવસ મહેનત કરીને ગુજરાન ચલાવતા આ ગરીબ વેપારીઓને આજે અચાનક આવતી કાલે અહીં મોટા સાહેબ આવે છે માટે તમે હટી જાઓ કહી તંત્ર દ્વારા હટાવી દેવામાં આવ્યા હતા. અચાનક આ રીતે શ્રમજીવીઓને હટાવાતા આજીવિકા રળતા આ ગરીબ પરિવારોને મોટો આર્થિક ફટકો પડ્યો હતો આ પરિવારો રોજે રોજ કમાઈ રોજે રોજ ખાય તેવી સ્થિતિમાં જીવતા હોઈ એક દિવસ ધંધા-રોજગાર બંધ રહેવાથી તેમને ખાસ્સુ નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.

તંત્રની બલિહારી તો જુઓ, આ ચિલોડામાં અનેક ઠેકાણે ગેર કાયદેસર કાચા-પાકા દબાણો કરી વેપાર કરી રહેતા મોટા વેપારીઓને ઉની આંચ પણ આવી નથી. જ્યારે આ શ્રમજીવી પરિવારોએ તંત્રની માન-મર્યાદા જાળવવા સૂચનાના આધારે એક દિવસનો સંપૂર્ણ બંધ પાળ્યો હતો. તંત્ર દ્વારા છાશવારે યેનકેન બહાના હેઠળ આ શ્રમિકોને પરેશાન કરવાના કિમીયા કેમ હાથ ધરે છે તે હજુ આ વિસ્તારના નાગરિકો માટે કલ્પનાનો વિષય છે.

સેક્ટર-૩ વસાહત મંડળ દ્વારા સિનિયર સિટીજનોનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. તેમજ સાઈકૃપા સેવા ટ્રસ્ટ દ્વારા નિર્માણ કરવામાં આવેલ વાંચનાલયનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ સમારોહમાં બ્રહ્માકુમારીના સુનિતાદીદી મુખ્ય મહેમાન અને ઉદ્ઘાટક તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સમારોહ બાદ પ્રિતિ ભોજન લઈ સર્વે સભ્યો છુટા પડ્યા હતા.

મોબાઈલ શોપમાં ડબ્બા ટ્રેડીંગનો સટ્ટો રમાડતા પાંચ ઝડપાયા

સેક્ટર-૧૭/૨૨ શ્રીનાથ કોમ્પ્લેક્ષમાં એલસીબીએ દરોડો પાડી રૂ. ૧.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના સે. ૧૭/૨૨ ખાતે સ્થિત શ્રીનાથ કોમ્પલેક્ષમાં એક મોબાઈલ શોપમાં શેર બજારના ડબ્બા ટ્રેડીંગનો સટ્ટો રમાડાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડીને પાંચ શખ્સોની ધરપકડ કરી લીધી છે. એલસીબીએ રૂ. ૧.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આરોપીઓ સે. ૨૧ પોલીસને હવાલે કરી દીધા છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમ જિલ્લામાં ગેરકાયદેસર રીતે શેર બજારના સટ્ટા અંગેની કેટલાક તત્વો દ્વારા ચાલુ કરવામાં આવેલી પ્રવૃત્તીની તપાસ કરી રેડ કરવા કામે લાગી છે. જે અનુસંધાને ગઈકાલે પો.કો. સંદિપસિંહને બાતમી મળી કે સે. ૧૭/૨૨ શ્રીનાથ કોમ્પલેક્ષ દુકાન નં. જી/૪ અમર મોબાઈલ નામની દુકાનમાં ડબ્બા ટ્રેડીંગનો સટ્ટો રમાડાઈ રહ્યો છે. જેને આધારે ટીમે દરોડો પાડીને રાજેશ દુર્ગાદાસ દરીયાની, રહે. પ્લોટ નં. ૧૦૩૦/૨, સે. ૧૩-સી તથા કુડાસણ ખાતે શ્યામ શુકલ રેસીડેન્સીમાં રહેતા સંજય બળદેવ પટેલ, બ્લોક નં. ૪૩૬/૨ સે. ૧૨માં રહેતા પ્રણવ કાંતિલાલ ત્રિવેદી, મકાન નં. ૨૮, શાલ્વીન હોમ્સ, વાવોલ ખાતે ભાડે રહેતા હર્ષદ માધવરાવ પાટીલ અને સે. ૨૭ પ્લોટ નં. ૮૫૮ માં સોમેશ્વર સોસાયટીમાં રહેતા પ્રવિણ રામભાઈ પટેલ મળીને પાંચ શખ્સોની ધરપકડ કરી લીધી છે.

ગ્રાહકો સાથે શેરની લે-વેચ કરી ટેક્સની રકમ સરકારને નહી ચુકવી શેર બજારના ડબ્બા ટ્રેડીંગનો સટ્ટો રમાડતા પાંચેયને પકડીને પોલીસે ડબ્બા ટ્રેડીંગના સોદાના કાગળો, ઈલેક્ટ્રોનીક્સ સાધનો, રોકડ રૂ. ૪૫,૫૪૫ તથા ૧૦ મોબાઈલ કિં. રૂ. ૨૪ હજાર, હાર્ડ ડિસ્ક, ડોંગલ કિ. રૂ. ૪ હજાર, લેપટોપ, કોમ્પ્યુટર મળીને કુલ રૂ. ૧,૩૬,૫૪૫ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મહાત્મા ગાંધી વિદ્યાલય, સેકટર-૬, સરકારી માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળામાં ૧૮ નવેમ્બરને મંગળવારે ગાંધી મિત્ર વર્તુળનાં સંયોજક ભાનુપ્રસાદ પુરાણી દ્વારા ગાંધી જીવન દર્શન વિષે વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. હાજર વિદ્યાર્થીઓને ગાંધી જીવન વિશે રસપ્રદ માહિતી પ્રાપ્ત થઈ હતી. તમામ વિદ્યાર્થીઓને ગાંધીજીની આત્મકથા ભેટ આપવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

સેકટર-૨૧ પોલીસ સ્ટેશન વિસ્તારનો લોક દરબાર યોજાયો

નવરાત્રી-દિવાળી પર્વ દરમિયાન ઝીરો ક્રાઈમનો રેકોર્ડ નોંધાયો : પાંચ નંબરના રોડ પર નશાખોરોના ત્રાસ અંગે રજૂઆત કરાઈ : સે-૨૪ જેવી ઘટના ફરી ન ઘટે તે માટે અનુરોધ કરાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સેકટર-૨૧ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો અંગે નાગરિકો દ્વારા કરવામાં આવેલ સૂચનો હાથ પર લેવા પોલીસ ઈન્સ્પેકટર બી.એ.ચાવડાની ઉપસ્થિતિમાં પોલીસ લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પોલીસ લોક દરબારમાં સે-૨૧ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ વર્ષે નવરાત્રી-દિવાળીના તહેવારો દરમિયાન ઝીરો ક્રાઈમનો રેકોર્ડ નોંધાયો હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

આ લોકદરબારમાં ગાંધીનગર શહેર વસાહત મહામંડળ વતી અરુણ બુચ, સુધીર દેસાઈ, કિશોર જીકાદરા, સીતારામ પટેલ, સી.એન. ચાવડા, ગીરીશ પટેલ સહિત અનેક આગેવાન નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં. આ અગ્રણી નાગરિકોએ પાંચ નંબરના રોડ પર પોષ્ટલ કોલોની, પાઠય પુસ્તક કોલોની તેમજ 'ક' રોડ સુધીના વિસ્તારમાં રહેતા રહીશો તેમની બહેન-દીકરીઓ વગેરે રાત્રિના સમયે ચાલવા નીકળે છે ત્યારે નશાખોર લોકો પરેશાન કરતા હોય છે. આ વિસ્તારમાં નશાખોરો જાહેરમાં બિન્દાસ્ત ફરતાં હોય છે. તે બાબતે યોગ્ય પગલાં ભરી આ નશાખોરોના ત્રાસને ડામવા લોક દરબારમાં પોલીસને રજૂઆત કરવામાં આવી હતી. આ લોક દરબારમાં મહાનગર પાલિકાના સભ્યો સંદીપ જયોતિકર, યુસુફભાઈ પરમાર, લતાબેન ચોકસી, કાલીદાસ પટેલ સહિત લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

શહેર વસાહત મહામંડળ દ્વારા પોલીસને સે-૨૪માં તાજેતરમાં બનેલ ઘટના જેવા બનાવ ફરી ના બને તે માટે રજૂઆત કરતા નાગરિકોને પણ ક્ષમા, એકતા અને ભાઈચારો કેળવવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત સે-૨૪ પોલીસ સ્ટેશન વિસ્તારમાં માર્ગ સલામતી, જાહેર સુખાકારી, ઈલેક્ટ્રીક સ્ટ્રીટ લાઈટ બંધ હોવા જેવી બાબતે સૂચનો કરવામાં આવ્યા હતા તેમજ હવે પછીની લોક અદાલતમાં મહિલા પોલીસ અધિકારીને પણ ઉપસ્થિત રાખવા અનુરોધ કરાયો હતો જેનો બી.એ. ચાવડા દ્વારા હકારાત્મક પ્રતિભાવ આપવામાં આવ્યો હતો. તેમણે નવરાત્રી-દિવાળી પર્વ દરમિયાન ઝીરો ક્રાઈમ રેકોર્ડ માટે પોલીસની સઘન દેખરેખ અને નાગરિકોના સહકારને શ્રેય આપ્યો હતો.

સે-૨૮ વસંત કુંવરબા શાળામાં બાલ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૮

બા શ્રી વસંતકુંવરબા પ્રાથમિક શાળામાં બાલ દિનની ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં બાળ દિવસ નિમિત્તે બાળકો દ્વારા અલગ વેશભૂષા ધારણ કરાઈ હતી. એક પાત્રીય અભિનય બાળકોએ કર્યો હતો તેમજ દેશના નેતાઓ વિષય પર નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ હતી. નિબંધ સ્પર્ધામાં પ્રથમ મહાવીર પટેલિયા બીજા નંબરે વનરાજ બિહોલા જયારે વેશભૂષા સ્પર્ધામાં પ્રથમ પ્રિયવદન સારોલા, બીજા નંબરે વિશ્વજીત ઠાકોર, એકપાત્રીય અભિનયમાં પ્રથમ ક્રિષ્ના તૈલી, અને ઈન્દ્રીશ અજમેરીએ બીજો નંબર મેળવ્યો હતો. શાળા પરીવાર દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

રક્તદાન મહાદાન

નોકરી કરવા જતી ૧૫ વર્ષની કિશોરીનું અપહરણ

ગાંધીનગર શહેરને અડીને આવેલા સે. ૧૪ પાસે સ્થિત ગોકુલપુરા વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની કિશોરી સેક્ટર-૨૬ની એક ફેક્ટરીમાં નોકરી કરવા જતી હતી. ૧૪ નવેમ્બરે સવારે નોકરીએ ગયા બાદ સાંજથી ઘરે પરત ફરી નથી. ૧૫ વર્ષની કિશોરીની પરીવારજનોએ શોધખોળ કરી, પરંતુ આજે ચાર દિવસ થઈ ગયા તેમ છતાં તેણીનાં ક્યાંયથી સગડ મળ્યા નથી. કિશોરીના અપહરણ અંગે સે. ૭ પોલીસે માતાની ફરીયાદને આધારે ગુનો દાખલ કરીને સેકન્ડ પી.આઈ. મીની જોસેફે વધુ તપાસ શરૂ કરી છે.

પ્રગતિ મહિલા પરિવાર સંસ્થાએ મુખ્યમંત્રીના નિર્ણયને આવકાર્યો

ગાંધીનગર, તા. ૧૮

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ૫૦ ટકા મહિલા અનામત, ફરજીયાત મતદાન અને ઘરે ઘરે શૌચાલયના નિર્ણયને નગરની પ્રગતિ મહિલા પરિવાર સંસ્થાની બહેનોએ આવકારી મુખ્ય પ્રધાનને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

સંસ્થાની બહેનોએ જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્ય પ્રધાન અને વર્તમાન વડાપ્રધાનના અધુરા સ્વપ્નોને પુરા કરવા અને રાષ્ટ્રના નકશામાં ગુજરાતને ચમકતુ રાખવાની દિશામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ બાબતે મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ક્રાંતિકારી નિર્ણયો લીધા છે. જેમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા મહિલા અનામત, ફરજીયાત મતદાન અને ઘેર ઘેર શૌચાલય, મહિલા સશક્તિકરણને બિરદાવ્યું છે અને મુખ્યમંત્રીને સંસ્થા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૮
સૂર્યાસ્ત : ૫.૫૩

તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૧.૬ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૪૪ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૨ :

કીલ/દિલ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

કીલ/દિલ : ૧૨.૩૦

: સ્ક્રીન-૪ :

૬-૫ = ૨ : ૧.૦૦, ૧૦.૦૦

હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦

જોરુ (તેલુગુ) : ૭.૦૦

: સ્ક્રીન-૫ :

કીલ/દિલ : ૧૦.૦૦

ધ શૌકિન્સ : ૧.૦૦, ૭.૦૦

: સ્ક્રીન-૬ :

રંગ રસીયા : ૩.૩૦, ૧૦.૦૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

કીલ/દિલ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :

જુરાસિક એટેક : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫

ધ શૌકિન્સ : ૧.૧૫, ૭.૧૫

સ્ક્રીન-૩ :

હેપ્પી ન્યુઈયર : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

વૃષભ : ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે. સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે.

મિથુન : માનસિક અસ્થિરતા દૂર થશે. સત્સંગમાં ભાગ લેવાનું થશે. પૂર્વમાં કરેલા કાર્યોનું પરિણામ પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

કર્ક : કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે. વ્યાપારમાં પ્રગતિ થશે.

સિંહ : મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

કન્યા : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. ઈશ્વર આરાધનાથી કાર્ય આરંભ કરવું.

તુલા : આર્થિક રોકાણ વિચારીને કરવું. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

ધન : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

મકર : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

કુંભ : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

મીન : વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. વ્યાપારમાં પ્રગતિ થશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. જીવનસંગીની સાથે તકરાર ન બને. ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે.

ચિરવિદાય

● સ્વ. ઠાકોર આશાબેન ભલાજી (ઉ.વ.૩૫) મુ. પાલુન્દ્રા, તા. દહેગામ, જી. ગાંધીનગર